ગાંધીનગર સમાચાર

**મહારેલીના પગલે અમદાવાદ જતી બસોના રૂટમાં ફેરફાર**

# શહેરના ઘ-માર્ગને ચોમાસા બાદ ચકાચક બનાવાશે

## ૪ વર્ષથી માર્ગનુ રીસરફેસીગ થઇ શકયુ નથી

ગાંધીનગર તા ૨૪

શહેરના ઘ માર્ગને ચોમાસા બાદ ચકાચક બનાવી દેવાશે. ઘ માર્ગના નવિનીકરણની કામગીરીને ૪ વર્ષ કરતા વધુ સમય થઈ ગયો છે. જયારે ચોમાસા દરમિયાન ઘ માર્ગનુ ઘોવાણ થતા આખો રસ્તો મગરની પીઠ સમાન બની ગયો છે. તંત્ર દ્વારા ઘ માર્ગની હાલત સુધારવા વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. ચોમાસા બાદ ઘ માર્ગના નવિનીકરણનુ કામ હાથ ધરાશે.



શહેરમાં ગત વાઈબ્રન્ટ સમિટ દરમિયાન નગરના માર્ગોના નવિનીકરણ તેમજ બ્યુટીફીકેશન પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. જો કે આ દરમિયાન નગરના ઘ માર્ગનુ કામ હાથ ધરવામાં આવ્યુ ન હતુ. શહેરના મુખ્ય ઘ માર્ગ પર રોજબરોજ હજારો વાહનોની અવરજવર રહે છે. આ માર્ગ પર સતત ટ્રાફિકનુ ભારણ રહેતુ હોવાથી સમયાંતરે રસ્તાની સુધારણા માટે જરૂરી કામ હાથ ધરવામાં આવે છે. પરંતુ છેલ્લા ઘણાં સમયથી ઘ માર્ગની

● અનુસંધાન પાન-૭ પર

# ગુડાની ગ્રામ્ય વિકાસ સહયોગ યોજનાને મંજુરી

ગાંધીનગર તા ૨૪

ગાંધીનગર શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ૩૯ ગામોમાં માળખાગત સુવિધાના કામો હાથ ધરવા ગુડા ગ્રામ્ય વિકાસ સહયોગ યોજના અન્વયે રૂપિયા ૩.૬૨ કરોડ ફાળવવામાં આવશે. જેના આધારે ગુડા દ્વારા ગામની વસતીને ધ્યાને રાખી કામોની અગ્રતા મુજબ કામો માટે રકમ ફળવાશે. ગામ વિકાસને વેગ આપવા વિવિધ ૮ જેટલા કામોને અગ્રતા આપવામાં આવશે.

**૩૯ ગામોમાં પાયાની સુવિધાના કામોને વેગ મળશે : ગુડા વસતીના ધોરણને ધ્યાને રાખી ગ્રામ પંચાયતોને ગ્રાન્ટ ફાળવશે**

અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા આ વિસ્તારના ગામોમાં સુવિધાના વિવિધ કામો હાથ ધરવા માટે ગ્રામ સદભાવ ફંડની યોજના મંજુર કરવામાં આવી છે. આવા સંજોગોમાં ગુડા વિસ્તારના ગામોનો વિકાસ થાય તે માટે ગુડાના ચેરમેન આશિષ દવેએ ગુડા ગ્રામ્ય વિકાસ સદભાવ યોજનાને મંજુરી આપવા દરખાસ્ત કરી છે. જેના આધારે ગુડા વિસ્તારના ૩૯ ગામોને આવરી લેવા આયોજન કરવામાં આવ્યુ છે. જયારે આ ગામોમાં માળખાગત વિકાસના કામોને અગ્રતા આપવા કામોની યાદી પણ તૈયાર કરી દેવામાં આવી છે. જયારે આ યોજના અન્વયે ૩૯ ગ્રામ પંચાયતો પાછળ જુદા જુદા કામો માટે રૂ ૩.૬૨ કરોડનો ખર્ચ કરવામાં આવશે. ગુડા વિસ્તારના ગામોમાં વસતી મજબ ગ્રાન્ટ ફાળવવા ગુડા કક્ષાએથી સુચિત ધોરણ નક્કી કરવામાં આવ્યા છે. જેના આધારે ૧ હજારની વસતી ધરાવતા ગામને ૫ લાખ, ૨ હજારની વસતી ધરાવતા ગામોને ૭.૫૦ લાખ તેમજ ૨ હજાર કે તેથી વધુ વસતી ધરાવતા હોય તેવા ગામો માટે રૂપિયા ૧૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

### ગુડા ગ્રામ્ય વિકાસ સહયોગ યોજનાના કામો

- શાળા તેમજ પી એચ સી સેન્ટરના સમારકામો
- મુખ્યમાર્ગોથી પંચાયતને જોડતા રસ્તા
- શાળા પી.એચ.સી.ને જોડતા રસ્તા ● સ્મશાનના વિકાસ માટે
- મુખ્ય માર્ગથી ગ્રામ પંચાયતને જોડતા રસ્તા પરની સ્ટ્રીટ લાઈટનુ કામ
- ખુટતી પાણીની લાઈન ● સફાઈના સાધનો માટે

ગુડાની ગ્રામ્ય વિકાસ સહયોગ યોજના અન્વયે વિવિધ ચાર શરતો પણ નક્કી કરવામાં આવી છે. જેમાં મંજુર થયેલી ગ્રાન્ટની રકમ અલગ બેંક એકાઉન્ટમાં જમા કરાવાની રહેશે. ગ્રામ પંચાયતો પાસેથી દરખાસ્ત મંગાવ્યા બાદ ગુડા દ્વારા એકસાથે કામો હાથ ધરાશે. ગ્રામ્ય વિસ્તારના આગેવાનો તેમજ ગુડાના અધ્યક્ષની પરામર્શના અંતે કામોનુ આયોજન કરવામાં આવશે. જયારે કામોના લાઈટ બીલ તેમજ નિભાવણી પંચાયત કક્ષાએથી ચુકવવા માટે પણ કરાર કરવામાં આવશે.

# મહારેલીના પગલે અમદાવાદ જતી બસોના રૂટમાં ફેરફાર

ગાંધીનગર તા ૨૪

પાટીદાર સમાજ દ્વારા અનામત આંદાલનને અનુલક્ષી આજે અમદાવાદમાં મહારેલીનુ આયોજન કરવામાં આવ્યુ છે.

**ગાંધીનગરથી સુભાષબ્રીજ તેમજ આશ્રમ રોડ પરથી પસાર થતી બસો ડાયવર્ઝન આપી દિલ્હી દરવાજા સારંગપુર થઈ અમદાવાદ પહોંચશે**

જેમાં મહારેલીમાં ગાંધીનગર જિલ્લામાંથી પણ એક લાખ જેટલા પાટીદારો જોડાય તેવી સંભાવના છે. ત્યારે વાહનવ્યવહાર તેમજ શૈક્ષણિક જગત પણ મહારેલીથી પ્રભાવિત થાય તેવી પ્રબળ શક્યતા છે. એસ ટી તંત્ર દ્વારા ગાંધીનગરથી અમદાવાદ જતી સુભાષબ્રીજ તેમજ આશ્રમ રોડના રૂટની બસોને ડાયવર્ઝન આપવાનો નિર્ણય લીધો છે.

અમદાવાદમાં અનામતના મુદ્દે પાટીદારોની મહારેલીનુ આયોજન કરવામાં આવ્યુ છે. ત્યારે લાખોની સંખ્યામાં પાટીદારો આ રેલીમાં જાડાય તેવી સંભાવના છે. ગાંધીનગર જિલ્લામાંથી પણ લાખોની સંખ્યામાં પાટીદારો જોડાય તેવી સંભાવના છે. આવા સંજોગોમાં જિલ્લામાં વેપારધંધાથી માંડીને શિક્ષણક્ષેત્ર પણ પ્રભાવિત થાય તેવી દહેશત છે. જયારે વાહનવ્યવહાર પર વિપરિત અસર પડે તેમ પણ મનાઈ રહયુ છે.

આ સ્થિતિને ધ્યાને રાખી એસ ટી તંત્ર દ્વારા પણ ગાંધીનગર અમદાવાદ વચ્ચેની બસોના રૂટમાં જરૂરી ફેરફાર કરવામાં આવ્યો છે. જેમાં ડેપોના સુત્રોના જણાંવ્યા મુજબ ગાંધીનગરથી અમદાવાદ સુભાષબ્રીજ તેમજ આશ્રમ રોડ થઈને જતી બસોને ડાયવર્ઝન આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ બસો દીલ્હી દરવાજા સારંગપુર થઈને અમદાવાદ પહોંચશે. જયારે મહારેલી દરમિયાન કોઈપણ પ્રકારની શાંતિભંગ થાય તો એસ ટી બસો બંધ કરી દેવાય તેવી પણ શકયતા છે.



**૧૦૫ કિલો શુધ્ધ ઘીમાંથી શિવજીની પ્રતિમા**

સે-૪માં ઓમકારેશ્વર મહાદેવ ખાતે શ્રાવણ માસના દ્વિતિય સોમવારે ભાવિક ભકતોના દર્શનના લાભાર્થે ૧૦૫ કિલો શુધ્ધ ઘીમાંથી નંદી પર સવાર શિવજીની સાડા પાંચ ફુટ ઉંચી પ્રતિમા તૈયાર કરાઈ છે. આ પ્રતિમા આણંદ પાસેના મોગરી ગામના કલાકાર ગોપાળભાઈએ તૈયાર કરી છે. આ પ્રતિમા તૈયાર કરવા માટે દાતાઓએ વિશેષ યોગદાન આપ્યું છે. અગાઉના સોમવારે અહીં ભસ્મ આરતી કરાઈ હતી. જેનો મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓએ લ્હાવો લીધો હતો. હજુ ઓમકારેશ્વર મંદિરે આવતા સોમવારે ગર્ભગૃહમાં સાવનભાદોનો માહોલ ખડો કરવામાં આવનાર છે તથા શ્રાવણ માસના ચોથા છેલ્લા સોમવારે બરફનું શિવલિંગ તૈયાર કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

(તસવીર : કશ્યપ નિમાવત)

# શાળાઓના પરિણામ સુધારવા પ્રતિમાસ કામગીરીની સમીક્ષા કરાશે

ગાંધીનગર તા ૨૪

ગાંધીનગર જિલ્લામાં નબળુ પરિણામ ધરાવતી શાળાઓમાં ટકાવારી ઉંચી લાવવા શિક્ષણ તંત્ર દ્વારા માસ્ટર પ્લાન બનાવવામાં આવ્યો છે. જયારે પરિણામ સુધારણા માટે જરૂરી પગલા હાથ ધરવામાં આવે તે માટે શિક્ષણ તંત્ર દ્વારા શિક્ષકો તેમજ શાળાના આચાર્યોની જરૂરી બેઠક બાલાવી નવતર આયોજન પણ કરવામાં આવ્યુ છે. નબળી શાળાઓના આચાર્યોની સાથે પ્રતિમાસ કામગીરીની સમીક્ષા અર્થે જિલ્લા શિક્ષણાધિકારીની બેઠક પણ યોજવામાં આવશે.

**નબળા પરિણામ ધરાવતી શાળાઓના આચાર્યો સાથે બેઠક યોજવામાં આવશે**

ગત માર્ચ મહિનામાં લેવાયેલી ધોરણ-૧૦ની પરિક્ષામાં જિલ્લાની ૨૪ જેટલી શાળાઓનુ પરિણામ ૩૦ ટકાથી પણ નીચુ આવ્યુ હોવાનુ સ્પષ્ટ થયુ છે. જેના લીધે નબળુ પરિણામ ધરાવતી શાળાઓમાં સુધાર લાવવા જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા શિક્ષકોની ટેસ્ટ લેવામાં આવી હતી.

જો કે આ કસોટીના અંતે પણ શિક્ષકોનુ પરિણામ એવરેજ હોવાનુ સ્પષ્ટ થતા શિક્ષણવિદોમાં પણ નારાજગી પ્રવર્તી હતી. શાળાઓમાં પરિણામ સુધારણા માટે જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા માસ્ટર પ્લાન પણ બનાવી દેવાયો છે.

અમલીકરણ માટે ડીઈઓ કક્ષાએથી શાળાની આકસ્મિક ચકાસણી કરીને તપાસ પણ કરવામાં આવી રહી છે. જયારે નબળા પરિણામ ધરાવતી શાળાઓના શિક્ષકો તેમજ આચાર્ય કક્ષાએથી યોગ્ય કામગીરી થાય છે કે કેમ તે મામલે જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા પ્રતિમાસ શાળાના આચાર્યો સાથે બેઠક યોજવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ દરમિયાન શાળાઓમાં પરિણામ સુધારણા એગે થતી કામગીરી અંગે સમીક્ષા પણ કરવામાં આવશે.


સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

ધરતીપુત્રોની રાખે દરકાર...
ગુજરાતની ગતિશીલ સરકાર...

સૌનો સાથ...
સૌનો વિકાસ...







છેલ્લા દશકામાં ગુજરાતે હાંસલ કરેલ ૧૦ ટકાના કૃષિ વિકાસદરની વિશ્વબેંકે કરી પ્રશંસા

**રૂા.૪૦૦૦ કરોડથી વધુ માતબર રકમના વિવિધ લાભો**

- પાક વિમો, રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના, ઘાસચારા વિકાસ, મહિલા સહકારી દૂધ મંડળી, બાગાયત, જળ અને જમીન સંરક્ષણ, વીજ સુધારણા, વ્યાજ રાહત વગેરે માટે રૂા.૪૦૦૦/- કરોડની ફાળવણી.

**અનોખી પહેલઃ રવી કૃષિ મહોત્સવમાં રૂા.૮૦૦ કરોડના સાધન સહાયનું વિતરણ**

- સર્વ પ્રથમ વખત રાજયના ૧૭૯ તાલુકાઓમાં રવી કૃષિ મહોત્સવનું આયોજનઃ ખેડૂત સંમેલનો યોજી વૈજ્ઞાનિકો/તજજ્ઞો દ્વારા ૧૨ લાખથી વધુ ખેડૂતોને માર્ગદર્શનઃ અઢી લાખ ખેડૂતોને રૂા.૮૦૦ કરોડના સાધન સહાય તથા ૭૫૦૦૦ ખેડૂતોને કિસાન ક્રેડિટકાર્ડનું વિતરણ .

**અત્યાર સુધીનું સૌથી મોટું રૂા.૧૧૦૦ કરોડનું રાહત પેકેજ**

- ગત ચોમાસું અનિયમિત રહેતાં રાજ્યના ખેડૂતોને કપાસ સહિત અન્ય પાકોનું યોગ્ય ઉત્પાદન અને વળતર ઓછું મળતાં તેમાં મદદરૂપ થવા રાજય સરકારે ગુજરાતનું અત્યાર સુધીનું સૌથી મોટું રૂા.૧૧૦૦ કરોડનું સહાય પેકેજ આપ્યું. જે અંતર્ગત ખેડૂતોએ લીધેલ ધિરાણમાં રૂા.૬૦૦ કરોડની વ્યાજસહાય અને ખેડૂતોના વીજજોડાણ બીલોમાં રૂા.૫૦૦ કરોડની સહાય.

**ખેડૂતોના ખેતર સુધી પાઇપલાઇનથી પાણી પુરું પાડવા રૂા.૨૦૦૦ કરોડની સહાય**

- નર્મદા યોજનાના કમાન્ડ વિસ્તારમાં ખેડૂતોના ખેતર સુધી પાણી પહોંચાડવા માટે ખેડૂતોની કિંમતી જમીનમાં કેનાલો બનાવવામાં આવતી હતી, ખેતર સુધી પાઇપલાઇન દ્વારા પહોંચાડવામાં આવે તો કિંમતી જમીન બચે તેવી ખેડૂત સંગઠનોની રજૂઆતને લક્ષમાં લઇ રાજ્ય સરકારે કેનાલોના બદલે પાઇપલાઇનથી પાણી આપવા રૂા.૨૦૦૦ કરોડની યોજના મંજૂર કરી.
- ખેડૂતોના હિતમાં રાજય સરકારે રવી અને ખરીફ પાકોના પિયત દરોમાં કોઈ વધારો કર્યો નથી.

**વીજળીના બીલોમાં ખેડૂતોને ભરવાની થતી સરચાર્જની રકમ ખેડૂતો વતી ભોગવવાનો રાજય સરકારનો ખેડૂતલક્ષી નિર્ણય**

- રાજયના ખેડૂતોને ખેતી માટે વીજળી પૂરી પાડવા ચાલુ વર્ષે ૮૭૦૦૦ થી વધુ વીજ જોડાણો અપાયાઃ એક લાખથી વધુ નવા કૃષિ વીજજોડાણોને મંજૂરી.

**બટાકા પકવતા ખેડૂતોને આપવામાં આવી ટ્રાન્સપોર્ટ સબસીડી**

- રાજય અને દેશમાં આ વર્ષે વિપુલ પ્રમાણમાં બટાકાનું ઉત્પાદન થતાં બટાકાના ભાવ ઘટી જતાં અન્ય રાજયોમાં બટાકા પહોંચાડવા ખેડૂતો અને વેપારીઓ જે ટ્રક/રેલ્વે ભાડું ચૂકવે છે તેમાં દર મેટ્રીક ટને રૂા.૭૦૦ થી માડીને રૂા.૧૧૫૦ સુધીની સહાય કરી.

**આઈ ખેડૂત પોર્ટલ**

- I.T. ની સવલતો ઉપયોગમાં લઈ ખેડૂતોને કલ્યાણકારી યોજનાનો લાભ તથા અદ્યતન કૃષિ વિષયક માહિતી ઘર આંગણે મળી રહે તે હેતુસર આઈ ખેડૂત પોર્ટલ શરુઃ ૧૫ લાખથી વધુ ખેડૂતો લઇ રહ્યા છે લાભ.

**કમોસમી અને અતિભારે વરસાદથી અસરગ્રસ્ત વિસ્તારોના ખેડૂતો માટે ઉદાર સહાય પેકેજ**

- અતિભારે વરસાદથી અસરગ્રસ્ત વિસ્તારોમાં કૃષિ સહાય, પશુ મૃત્યુ સહાય, કપડાં-ઘરવખરી સહાયના દરોમાં વધારોઃરાજ્ય સરકારના બજેટમાંથી વધારાની સહાય ચૂકવવાનો નિર્ણય.
- જમીન ધોવાણના કિસ્સામાં નાના અને સિમાંત ખેડૂતો ઉપરાંત અન્ય ખેડૂતોનો પણ સહાય પેકેજમાં સમાવેશઃ પ્રતિ હેકટર સહાયમાં કર્યો વધારોઃ સામાન્ય જમીન ધોવાણના કિસ્સામાં રૂા.૧૨૮૦૦ પ્રતિ હેક્ટર તેમજ ભારે જમીન ધોવાણ થયું હોય તેવા કિસ્સામાં રૂા.૨૨૫૦૦ પ્રતિ હેક્ટરની વધારાની સહાય રાજ્ય સરકારના ભંડોળમાંથી ચૂકવાશે.

છેલ્લા ત્રણ વર્ષમાં ૩૫,૭૬૦ ખેડૂતોને ટ્રેકટરો આપ્યા : રૂા.૧૭,૨૫૦ લાખનો ખર્ચ
કૃષિલક્ષી વિવિધ યોજનાઓ હેઠળ ૧.૧૩ લાખ ખેડૂતોને રૂા.૧૬,૯૪૦ લાખના સાધનો અપાયા

માહિતી ૨૦૧૫-૧૬ (૨૩-૧)

ખેડૂતો સાથે... ખેડૂતો માટે...
સતત અવિરત...
ગતિશીલ ગુજરાત સરકાર

"ગુજરાતના ખેડૂતોને સમૃદ્ધ બનાવવા રાજ્ય સરકારે અનેકવિધ પગલાં લીધાં છે, જેનાથી કૃષિ વિકાસદર વધુ વેગવંત બન્યો છે."

-શ્રીમતી આનંદીબેન પટેલ
મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

http://www.gujaratinformation.net join us on www.facebook.com/gujaratinformation.official follow us on www.twitter.com/infogujarat


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com